GJDH010035932025

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૨૯.૧૨.૨૦૨૫ |
| દાખલ તારીખ | : | ૨૯.૧૨.૨૦૨૫ |
| ફેંસલ તારીખ | : | ૨૨.૦૬.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૫ ૨૪ |

આંક–

## <u>ફોર્મ–''એ''</u>

**દાહોદની સ્પેશ્યલ (પોકસો) કોર્ટ અને ચોથા અડીશ્નલ સેશન્સ કોર્ટ, મુ.દાહોદ**

ચુકાદાની તારીખ:૨૨.૦૬.૨૦૨૬

**<u>સ્પે.કેસ (પોકસો) નં.૭૪/૨૦૨૫</u>**

ઝાલોદ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૮૨૧૦૩૦૨૫૧૫૮૯/૨૦૨૫

| | |
|---|---|
| ફરીયાદી | **શ્રી સરકાર**<br>(ફરીયાદી : ભોગ બનનારના પિતા) |
| ફરીયાદ પક્ષે તરફે | **વિ.એ.પી.પી.શ્રી જે.આર.લાલપુરવાલા** |
| આરોપી | **અજીતભાઇ સુરમલભાઇ ગરાસીયા**<br>રહે. કુંઠી કંકાસીયા, તા.ઝાલોદ, જી.દાહોદ |
| આરોપી પક્ષ તરફે | **વિ.વ.શ્રી એ.એન.સવાલખીયા** |

## <u>ફોર્મ–''બી''</u>

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૨.૧૧.૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૫.૧૧.૨૦૨૫ |
| ચાર્જેશીટની તારીખ | ૨૯.૧૨.૨૦૨૫ |
| તહોમતનામું ઘડયાની તારીખ | ૧૨.૦૧.૨૦૨૬ |
| પુરાવાની શરૂઆતની તારીખ | ૧૯.૦૫.૨૦૨૬ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | ૨૨.૦૬.૨૦૨૬ |

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | ૨૨.૦૬.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો | – |

## આરોપીની વિગત

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર છુટયાની તારીખ | ગુનોનો આરોપ મુકયો છે. | નિર્દોષ કે દોષિત | સજા લાદવા માં આવી | CRPC કલમ ૪૨૮ /BNSS કલમ ૪૬૮ મુજબ કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **અજીતભાઇ સુરમલભાઇ ગરાસીયા** | ૦૭.૧૧.૨૫ | ૨૭.૦૫.૨૬ | બી.એન.એસ. કલમ– ૧૩૭ (૨), ૮૭, ૬૪(૨) (એમ) તથા પોકસો એકટની કલમ– ૪,૬ મુજબ | નિર્દોષ | – | ૬ માસ અને ૧૯ દિવસ |

## –:: ચુકાદો ::–

(નામદાર સુપ્રિમ કોર્ટનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત અને કાયદાની જોગવાઇને લક્ષમાં રાખી સદરહું ચુકાદામાં ભોગ બનનારનાં નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ "**ભોગ બનનાર**" તરીકે ઉલ્લેખ કરેલ છે.)

**ગુનોઃ - <u>ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એમ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪, ૬ મુજબનો.</u>**

૧. આ કામના આરોપી સામે ઝાલોદ પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૮૨૧૦૩૦૨૫૧ ૫૮૯/૨૦૨૫ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (જેને હવે પછી ટુંકમાં "બી.એન.એસ." તરીકે સંબોધેલ છે) ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ (જેને હવે પછી ટુંકમાં "પોકસો" તરીકે સંબોધેલ છે) ની કલમ-૪,૬ મુજબના ગુના નોંધાયેલ છે.

**<u>ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકતઃ-</u>**

૨. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત જોઇએ તો ફરીયાદી/ ભોગ બનનારની પિતાએ તા.૦૫.૧૧.૨૦૨૫ ના રોજ એવી ફરીયાદ હકીકત જાહેર કરેલ છે કે, તેઓ પરીવાર સાથે રહે છે અને ખેતી કામ કરે છે. તેઓને સંતાનમાં બે બાળકો છે, જેમા સૌથી મોટો છોકરો અને તે પછીની ભોગ બનનાર છે. ભોગ બનનારે ધોરણ-૮ સુધી અભ્યાસ કરેલ છે અને ભોગ બનનારની જન્મ તા.૦૧/૧૨/૨૦૦૯ ની છે. તેની ઉ.વ.૧૫ વર્ષ ૧૧ માસ ની છે. તા.૦૨/૧૧/૨૦૨૫ ના રોજ રાત્રીના દસેક વાગ્યાના સમયે તેઓ, તેમના પત્નિ, છોકરો અને ભોગ બનનાર એ રીતેના તેઓના કુટુંબીના ઘરે વાસ્તુ પુજન ચાંદલા વીધીના કાર્યક્રમમાં ગયેલા અને રાત્રીના આશરે અગિયારેક વાગ્યાના સમયે ભોગ બનનારની તપાસ કરતા તે જોવા મળેલ નહી, જેથી તેઓએ તેમના ઘરે જઈ તપાસ કરતા ભોગ બનનાર જોવા મળેલ નહી, જેથી તેઓએ ફળીયામા તથા ગામમા ભોગ બનનારની તપાસ કરતા મળેલ ન હતી અને બીજા દિવસે સવારે શોધખોળ ચાલુ હતી તે વખતે તેઓને વાતોવાતથી ભોગ બનનારને હુંઠી કંકાસીયા ગામનો અજીતભાઈ સુરમલભાઈ ગરાસીયાનાઓ તેની પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરીને લઇ ગયેલ હોવાનું જાણવા મળતા તેઓએ આરોપીના ગામના આગેવાન માણસોનો સંપર્ક કરેલો અને ભોગ બનનારને તમારા ગામનો અજીતભાઈ સુરમલભાઈ ગરાસીયાનાઓ ભગાડીને લઈ ગયેલ હોય તો ભોગ બનનારની શોધખોળ કરી અમોને પરત સોંપી દેજો તેમ જણાવતા

તેઓએ કહેલ હતુ કે તેના ઘરના માણસો છોકરા અજીતભાઈની શોધખોળ કરી રહેલ છે અને મળી આવ્યેથી ભોગ બનનારને પરત સોંપી દઈશું તેમ જણાવેલ હતુ. તે પછી તેઓએ અવાર-નવાર આરોપીના ગામના આગેવાન માણસોનો સંપર્ક કરી ભોગ બનનારને પરત સોંપી દેવા સારૂ જણાવેલ પરંતુ આજદિન સુધી ભોગ બનનારને પરત સોંપેલ નથી. જેથી આ અજીતભાઈ સુરમલભાઈ જાતે.ગરાસીયા રહે.હુંઠી કંકાસીયા તા.ઝાલોદ જી.દાહોદનાનો સગીર વયની ભોગ બનનાર ઉ.વ.૧૫ વર્ષ ૧૧ માસનીને તેઓના કાયદેસરના વાલીપણાના હકકમાંથી લલચાવી ફોસલાવી તેની પત્ની તરીકે રાખવા સારૂ અપહરણ કરી ભગાડી લઈ ગયેલ હોય અને આજદીન સુધી ભોગ બનનારને પરત સોંપેલ ન હોય ભોગ બનનારની તપાસ કરવા કાયદેસરની ફરીયાદ આપેલ છે.

3. ફરીયાદને આધારે દાહોદ ઝાલોદ પોલીસ સ્ટેશનના પી.આઈ.એ ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઈ, ફરીયાદ મુજબનો ગુના દાખલ કરવા સારુ પી.એસ.ઓ.ને રીપોર્ટ સાથે મોકલી આપેલ. પી.એસ.ઓ.એ ફરીયાદ મુજબનો ગુના દાખલ કરી, ગુનાની તપાસ, તપાસ કરનાર અમલદારને સોંપતા, તપાસ કરનાર અમલદારે તપાસના કામે ભોગ બનનારની ઉંમર સંબંધે જરૂરી આધાર પુરાવાઓ મેળવી, તપાસના કામે સામેલ રાખેલ,તપાસના કામે લાગતા વળગતા સાહેદોના વિગતવારના નિવેદનો લીધેલ, આરોપી તથા ભોગ બનનાર મળી આવતા પંચો રૂબરૂ શરીર સ્થીતી અંગેના તેમજ ભોગ બનનાર બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યા અંગેના વિગેરે પંચનામાં કરેલ તેમજ આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસ કરાવવા અંગેની જરૂરી યાદીઓ કરી, તેઓની મેડીકલ તપાસ અંગેના જરૂરી પ્રમાણપત્રો મેળવી તપાસના કામે સામેલ રાખેલ, મેડીકલ ઓફિસરશ્રીએ આરોપી તથા ભોગ બનનારની મેડીકલ તપાસ દરમ્યાન આરોપી તથા ભોગ બનનારના જૈવિક નમુના એફ.એસ.એલ.માં પરિક્ષણ અર્થે લીધેલ, જે

નમૂના તથા મુદામાલ કપડા એફ.એસ.એલ.માં પરિક્ષણ અર્થે રવાનગી પત્રક સાથે મોકલી આપેલ, તે પણ તપાસના કામે સામેલ રાખેલ, તેમજ ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ-૧૮૩ મુજબનું નિવેદન લીધેલ, તે તમામ કેસ પેપર્સ સાથે સામેલ રાખી તપાસના અંતે આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો હોઈ, બી.એન.એસ.એસ.ની કલમ-૨૫૧ મુજબ ખાસ અદાલતમાં ચાર્જશીટ રજુ કરેલ. જે સ્પે. પોકસો કેસ નં.૭૪/૨૦૨૫ થી નોંધાયેલ છે.

૪. આ કામે આરોપી તરફે વિ.વ.શ્રી એ.એન.સવાલખીયા હાજર થતા આરોપીને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આંક-૦૩ થી તા.૧૨.૦૧.૨૦૨૬ ના રોજ અત્રેની અદાલત ધ્વારા આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ- ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ-૨૦૧૨ ની કલમ-૪,૬ મુજબના ગુનાઓ અંગેનું તહોમતનામું ફરમાવી આંક-૦૪ થી પ્લી રેકર્ડ કરેલ, જેમા આરોપીએ તેમની સામેનાં આક્ષેપિત ગુનાઓનો સ્પષ્ટ ઈન્કાર કરતા, ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

## <u>ફોર્મ-''સી''</u>

૫. આરોપી વિરૂધ્ધ આંક-૦૩ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

### (એ) <u>ફરીયાદ પક્ષે મૌખિક પુરાવો</u>

| ક્રમ નંબર | સાહેદ નંબર | આંક | નામ | વિગત |
|---|---|---|---|---|
| **મુખ્ય સાહેદો** | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ૧૧ | ભોગ બનનારના પિતા | ફરીયાદી |
| ૨ | ૨ | ૧૩ | ભોગ બનનારની માતા | સાહેદ |
| ૩ | ૩ | ૧૪ | ભોગ બનનાર | સાહેદ |
| **તબીબી સાહેદો** | | | | |
| ૪ | ૪ | ૧૬ | ડૉ. જયરાજ સીંગરાજ દેવધા | મેડીકલ ઓફીસર |
| **અન્ય સાહેદો** | | | | |
| ૫ | ૫ | ૨૮ | ઉત્તમકુમાર મુકેશભાઇ પઢીયાર | તલાટી કમ મંત્રી, XXXX ગ્રામ પંચાયત |
| ૬ | ૬ | ૩૨ | ધીરજકુમાર મોતીભાઇ ગરાસીયા | આચાર્ય XXXX પ્રાથમિક શાળા |
| **પોલીસ સાહેદો** | | | | |
| ૭ | ૭ | ૩૭ | રવિકુમાર જમુભાઇ ગામીત | ત.ક. અમલદાર |

## (બી) બચાવ પક્ષે તરફે :-

| **સાહેદ નંબર** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| - | કોઇ સાહેદ તપાસેલા નથી. | - | - |

## (સી) અદાલત ધ્વારા :-

| **સાહેદ નંબર** | **નામ** | **આંક** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| - | કોઇ સાહેદ તપાસેલા નથી. | - | - |

## (એ) ફરીયાદ પક્ષ તરફે દસ્તાવેજી પુરાવો

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨ | ફરીયાદ |
| ૨ | ૧૫ | ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન |
| ૩ | ૧૭ | ભોગ બનનારની મેડીકલ તપાસણી અંગેની પોલીસ યાદી |
| ૪ | ૧૮ | ભોગ બનનારના ઓ.પો.ડી. કેસ પેપર્સ |
| ૫ | ૧૯ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલો પો.સ્ટે.માં સોંપ્યા અંગેની યાદી |
| ૬ | ૨૦ | ભોગ બનનારને તપાસ માટે ઝાયડસ હોસ્પીટલમાં રીફર કર્યા અંગેનું ફેરબદલી ફોર્મ |
| ૭ | ૨૧ | ભોગ બનનારના ગાયનોકોલોજીસ્ટ તથા રેડીયોલોજી તપાસના કેસ પેપર્સ તથા અભિપ્રાય |
| ૮ | ૨૨ | ભોગ બનનારના એક્ષ–રે ફિલ્મ નંગ–૩ |
| ૯ | ૨૩ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૦ | ૨૪ | આરોપીની મેડીકલ તપાસણી અંગેની પોલીસ યાદી |
| ૧૧ | ૨૫ | આરોપીના ઓ.પી.ડી.કેસ પેપર્સ |
| ૧૨ | ૨૬ | આરોપીના મેડીકલ સેમ્પલો પો.સ્ટે.માં સોંપ્યા અંગેની યાદી |
| ૧૩ | ૨૭ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૪ | ૨૯ | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર અને રજીસ્ટરના ઉતારાની નકલ મેળવવા માટેની પોલીસ યાદી |
| ૧૫ | ૩૦ | ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર |

| | | |
|---|---|---|
| ૧૬ | ૩૧ | જન્મ–મરણ રજીસ્ટરના ઉતારાની નકલ |
| ૧૭ | ૩૩ | ભોગ બનનારનું બોનાફાઇડ સર્ટી અને જનરલ રજીસ્ટરના ઉતારાની નકલ મેળવવા માટેની પોલીસ યાદી |
| ૧૮ | ૩૪ | ભોગ બનનારનું બોનાફાઇડ સર્ટી |
| ૧૯ | ૩૫ | xxxx પ્રાથમિક શાળાના વયપત્રકનો ઉતારો |
| ૨૦ | ૩૬ | જનરલ રજીસ્ટરનો ઉતારો |
| ૨૧ | ૩૮ | ગુનો રજીસ્ટર કરવા બાબતનો પત્ર |
| ૨૨ | ૩૯ | સુચિપત્ર |
| ૨૩ | ૪૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૨૪ | ૪૧ | ગુનાવાળી જગ્યાનું બી.એસ.એ.કલમ–૬૩(૪)સી મુજબનું પ્રમાણપત્ર |
| ૨૫ | ૪૨ | ભોગ બનનારના બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૨૬ | ૪૩ | ભોગ બનનારના બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું બી.એસ.એ.કલમ–૬૩(૪)સી મુજબનું પ્રમાણપત્ર |
| ૨૭ | ૪૪ | આરોપીની શરીર સ્થિતી અને બનાવ સમયે પહેરેલ કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૨૮ | ૪૫ | આરોપી કપડા કબજે કર્યાનું બી.એસ.એ.કલમ–૬૩(૪)સી મુજબનું પ્રમાણપત્ર |
| ૨૯ | ૪૬ | પોકસો એકટની કલમ ઉમેરવાનો રીપોર્ટ |
| ૩૦ | ૪૭ | ભોગ બનનારે બતાવેલ દુષ્કર્મવાળી જગ્યાનું પંચનામુ |
| ૩૧ | ૪૮ | દુષ્કર્મવાળી જગ્યાનું બી.એસ.એ.કલમ–૬૩(૪)સી મુજબનું પ્રમાણપત્ર |
| ૩૨ | ૪૯ | મુદામાલ એફ.એસ.એલ.વડોદરા મોકલ્યો તેની રવાનગી |

| | | |
|---|---|---|
| | | નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર |
| ૩૩ | ૫૦ | મુદામાલ એફ.એસ.એલ.માં મળ્યા અંગેની પહોચ |
| ૩૪ | ૫૧ | એફ.એસ.એલ.વડોદરાનો પત્ર તથા રીપોર્ટ |

**(બી) બચાવ પક્ષે તરફે :–**

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| | | કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. |

**(સી) અદાલત ધ્વારા :–**

| ક્રમ નંબર | આંક | વિગત |
|---|---|---|
| | | કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. |

**(ડી) મુદામાલની વિગતો :–**

| ક્રમ | વિગત | માર્ક |
|---|---|---|
| ૧ | લેડીઝ ટોપ | એ |
| ૨ | લેડીઝ લેંગીઝ | બી |
| ૩ | લેડીઝ જાંગીયો | સી |
| ૪ | ટી–શર્ટ | ડી |
| ૫ | જીન્સનું પેન્ટ | ઇ |
| ૬ | પુરૂષ જાંગીયો | એફ |
| ૭ | ભોગ બનનારના મેડીકલ સેમ્પલો | જી, આઇ |
| ૮ | આરોપીના મેડીકલ સેમ્પલો | એચ |

૬. ફરીયાદ પક્ષે આંક–પર થી વધુ પુરાવો આપવા માંગતા ન હોય, ક્લોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલી છે. ફરીયાદ પક્ષનો પુરાવો

નોંધી લીધા બાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.જેમા આરોપીએ પોતાની વિરુદ્ધનાં પુરાવાનો સ્પષ્ણપણે ઈન્કાર કરેલ છે, અને પોતાની વિરુદ્ધ ખોટો કેસ કરેલાનું જણાવે છે. આરોપીએ સોગંદ પર પુરાવો રજુ કરવા તથા બચાવના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું જણાવેલ છે અને વિશેષમાં એવુ જણાંવેલ છે કે ખોટી ફરીયાદના આધારે ખોટી તપાસ કરી ખોટુ ચાર્જેશીટ કરેલ છે. તેઓ તદન નિર્દોષ છે, તેઓએ આવો કોઇ ગુનો કરેલ નથી, જેથી નિર્દોષ છોડી મુકવા રજુઆત કરેલ છે.

૭. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.આર.લાલપુરવાલા તથા આરોપીના વિ.વ.શ્રી એ.એન.સવાલખીયાની દલીલો સાંભળી.

૮. આ કામે સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી જે.આર.લાલપુરવાલાએ રજુઆત કરી જણાવેલ છે કે પ્રોસીકયુશને આંક–૦૩ થી ફરમાવેલ તહોમતનામું મૈખિક તથા દસ્તાવેજી પુરાવાથી શંકારહિત સાબિત કરેલ છે અને તેઓએ એવી રજુઆત કરેલ છે કે ભોગ બનનાર તથા અન્ય મહત્વના સાહેદોની જુબાનીથી પ્રોસીકયુશનના કેસને સમર્થન પ્રાપ્ત થયેલ છે, તેમજ તબીબી સાહેદ અને પોલીસ સાહેદના પુરાવા થકી કેસ સાબિત કરેલ છે. તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે,ભોગ બનનાર બનાવ સમયે સગીર વયની હતી અને તે હકીકત જન્મના દાખલા થકી પુરવાર કરેલ છે. અંતમાં તેઓએ રજુઆત કરેલ છે કે આરોપી સામે ફરમાવેલ તહોમતનામુ ઉપરોક્ત પુરાવાથી પુરવાર કરેલ હોય અને બચાવપક્ષે તેની વિરૂધ્ધના અનુમાનનું ખંડન કરેલ નથી તેથી ફરીયાદ પક્ષે તેનો કેસ શંકારહીત પુરવાર કરેલ હોય આરોપીને યોગ્ય તે સજા કરવા અરજ કરેલ છે.

૯. આ કામે આરોપી પક્ષે તેમના વિ.વ.શ્રી એ.એન.સવાલખીયાએ દલીલો કરતા જણાવેલ છે કે પ્રોસીકયુશન આંક–૦૩ વાળુ તહોમતનામું

શંકારહિત સાબિત કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે. આ કામે રજુ થયેલ તમામ પુરાવાઓ જોતાં, સૌથી મહત્વનો ભોગ બનનાર સાહેદનો પુરાવો છે જેમાં ભોગ બનનારે આરોપીને સંડોવતી લેશમાત્ર હકીકત જણાવેલી નથી, અને ભોગ બનનારને ફરી ગયેલ જાહેર કરેલ છે. તે રીતે આ કામના ભોગ બનનારે ફરીયાદને સમર્થનકારક પુરાવો આપેલ નથી. ભોગ બનનારનું બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન નોંધેલ છે પરંતુ ભોગ બનનારના પુરાવાથી તે નિવેદન પુરવાર થતુ નથી. ભોગ બનનારના માતા–પિતાનો પુરાવો જોતા આરોપી સામે આક્ષેપિત ગુના પુરવાર થાય તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી, તેવા સંજોગોમાં જયારે ફરીયાદ પક્ષના મહત્વનાં સાહેદોના પુરાવાથી આરોપી સામેના આક્ષેપિત ગુના નિઃશંકપણે પુરવાર થતા નથી ત્યારે ગૌણ કહેવાય તેવા પોલીસ સાહેદોના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. ભોગ બનનારે જયારે પોતાના મૌખિક પુરાવામાં ફરીયાદ પક્ષના આક્ષેપોને સમર્થન કરેલ ન હોય ત્યારે માત્ર આરોપી વિરુદ્ધના આક્ષેપો પુરવાર થયેલ માની શકાય નહી. આમ, ફરીયાદ પક્ષ આક્ષેપિત તહોમત સચોટ, સબળ, માનવાલાયક પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે, જેથી આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૧૦.** આ કામે બંને પક્ષકારોની રજુઆતો અને પુરાવાને ધ્યાનમાં લઈ, કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થયેલા છે.

**મુદાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા?

(૨) શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ગઇ તા.૦૨.૧૧.૨૦૨૫ ના કલાક ૨૨:૦૦ થી ૨૩:૦૦ વાગ્યા

દરમ્યાન મોજે શંકરપુરા આશ્રમ ફળીયામાંથી ફરીયાદીની સગીર વયની ભોગ બનનાર દિકરી ઉંમર ૧૫ વર્ષ, ૧૧ માસનીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી, ફોસલાવી પોતાની પત્ની તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ જઈ ભોગ બનનાર સાથે તેની મરજી વિરૂધ્ધ અવાર નવાર દુષ્કર્મ આચરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ-૪,૬ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૩) શું હુકમ?

**૧૧.** ઉપરોકત મુદ્દાના કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક

(૨) નકારાત્મક

(૩) આખરી હુકમ મુજબ

**-:: કારણો ::-**

**<u>મુદા નં.૧ ની ચર્ચા</u> :-**

**૧૨.** આ ગુનાના કામે બનાવ **તા.૦૨.૧૧.૨૦૨૫** ના રોજ બનેલ છે જેથી બનાવ વખતે આ કામના ભોગ બનનાર સગીર હતા કે કેમ? તે હકીકત અંગે આ કામે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવાના આધારે નકકી કરવી રહી. સૌ પ્રથમ ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે **નામ.સર્વોચ્ચ અદાલતે ક્રિમિનલ અપિલ નં.૪૪૨/૧૦ (સુપ્રિમ કોર્ટ) સ્ટેસ ઓફ એમ.પી. વિરુદ્ધ અનોપસિંહ તેમજ ૧૯૯૬(૨) સુપ્રિમ કોર્ટ કેસીસ પાના નં.૧૮૪** વિગેરે મુજબનાં ચુકાદામાં પ્રસ્થાપિત સિદ્ધાંત લક્ષમાં લેવા જરૂરી ગણું છું. જે મુજબ ભોગ બનનારની ઉંમર નકકી કરવા માટે મહત્વના પુરાવા પૈકી ગણી શકાય.નામ. સુપ્રીમ કોર્ટે

ઉપરોકત ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે,

In the case of **State of Madhya Pradesh vs.Anoop Singh reported in 2015(7) SCC-773** wherein it is held that, in rape cases, while determining the age of victim, the provisions of Juvenile Justice (Care and Protection of Children) Rules, 2007, More particularly, Rule 12(3) is required to be taken into consideration. The Hon'ble Supreme Court in the case of **Jairnail Sing vs. State of Haaryana, reported in 2013(7) SCC 263** held that the provisions of the Juvenile Justice Act and Rules would equally apply to determine the age for both a victim as well as an accused person.

In the case of **Mahadeo s/o Kerba Maske vs. State of Maharashtra (2013) 14 SCC 637, has held 12(3)** of the JJ Rules, 2007 is applicable in determining the age of the victim of rape. Rule 12 of the Rules categoracally envisges that the medical opinion from the medical board should be sought only when the matriculation certificate or school certificate or any birth certificate issued by a corporation or by any Panchyat or municipality is not available. **Rule 12(3) of Juvenile Justice Act** (Care and Protection Act) is as under:-

When such person is not released on bail under sub section 9(1) by the Board, it shall make an order sending him to an observations home or a place of safety, as the case may be for such period during the pendency of the inquiry regarding the person as may be sepcificed in the order. It would be also relevant to refer section 94 of amended Juvenile Justice Act, 2015.

**Section 94 Presumption and determination of age** section 94 of the JJ Act 2015, also provides the procedure to determining the age. The said provisioon is in context with the agedetermination of child in conflict with law.

(1) where, it is obvious to the committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observations stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, withoout waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for dooubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination by seeking evidence by obtaining-

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available, and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipl authority or a panchyant;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee of the Board.

**૧૩.** કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાતો ધ્યાનમાં રાખીને બંને પક્ષો તરફે થયેલા રજુઆતો તથા ફરીયાદ પક્ષે રજુ મહત્વના સાહેદોનો મૌખિક પુરાવો જોવામાં આવે તો, આ કામે સાહેદ નં.૦૧ તરીકે **ફરીયાદી/ભોગ બનનારના પિતાનો** મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો આંક-૧૧ થી સોગંદ પર તપાસેલ છે જેમા તેમણે જણાવેલ છે કે ભોગ બનનાર ધોરણ-૮ સુધી તેમના ગામની શાળામાં ભણેલ છે. ભોગ બનનારની જન્મ તારીખ હાલ તેમને યાદ નથી, પરંતુ ભોગ બનનારને હાલ ૧૬ મું વર્ષ ચાલે છે તેમ જણાવેલ છે. આ સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં ભોગ બનનારનો જન્મ ઘરે થયેલ હોવાનો ઇન્કાર કરેલ છે. આ કામે **સાહેદ નં.૦૨ તરીકે ભોગ બનનારની માતાનો આંક-૧૩ થી** રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો, તેણીએ એમ જણાંવેલ છે કે ભોગ બનનાર ધોરણ-૮ સુધી તેમના ગામની શાળામાં ભણેલ છે. ભોગ બનનારની જન્મ તારીખ હાલ તેણીને યાદ નથી, પરંતુ બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષની હતી. આ સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં ભોગ બનનારનો જન્મ ઘરે થયેલ હોવાનું કબુલ રાખેલ છે. જયારે **સાહેદ નં.૦૩ તરીકે ભોગ બનનારનો આંક-૧૪ થી** રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેણીએ એમ જણાંવેલ છે કે **તેણીની જન્મ તા.૦૧.૧૨.૨૦૦૯** છે અને તેણીએ ધોરણ-૮ સુધી તેમના ગામની શાળામાં અભ્યાસ કરેલ હોવાનું જણાવેલ છે. ભોગ બનનારના આ પુરાવા સંદર્ભે બચાવ પક્ષ દ્વારા કોઇપણ પ્રકારની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

**૧૪.** આ કામે સાહેદ નં.૦૫ તરીકે ઉત્તમકુમાર મુકેશભાઇ પઢીયારનો આંક-૨૮ થી રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેઓ બનાવ સમયે XXXX ગ્રામ પંચાયતમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા હતા. સદર સાહેદની જુબાની થકી આંક-૩૦ થી ભોગ બનનારનું જન્મનું પ્રમાણપત્ર અને આંક-૩૧ થી જન્મ રજીસ્ટરનો ઉતારો રજુ કરવામાં આવેલ છે, **જેમાં ભોગ બનનારની જન્મ તા.૦૧.૧૨.૨૦૦૯**

**ની દર્શાવેલ છે.** સદર સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં આ નોંધ તેમની અગાઉના તલાટી સાહેબે કરેલી તેમજ ભોગ બનનારની જન્મની નોંધણી કયા દસ્તાવેજના આધારે કરવામાં આવેલી તેની કોઇ નોંધ રજીસ્ટરમાં નથી તેમ કબુલ રાખેલ છે.

**૧૫.** આ કામે સાહેદ નં.૦૬ તરીકે ધીરજકુમાર મોતીભાઇ ગરાસીયાનો આંક–૩૨ થી રજુ થયેલ સોગંદ ઉપરનો પુરાવો જોવામાં આવે તો તેઓ ભોગ બનનાર જે શાળામાં અભ્યાસ કરતી હતી તે પ્રાથમિક શાળાના આચાર્ય છે. સદર સાહેદની જુબાની થકી આંક–૩૪ થી ભોગ બનનારનું બોનાફાઇડ સર્ટી, આંક–૩૫ થી પ્રાથમિક શાળાના વચપત્રકનો ઉતારો અને આંક–૩૬ થી જનરલ રજીસ્ટરનો ઉતારો રજુ કરવામાં આવેલ છે, **જેમાં ભોગ બનનારની જન્મ તા.૧૨.૦૧.૨૦૦૯ ની દર્શાવેલ** છે. સદર સાહેદ બચાવ પક્ષની ઉલટ તપાસમાં તેમની શાળામાં ભોગ બનનારની શેના આધારે જન્મ તારીખ નોંધવમાં આવેલી તે આંક–૩૬ ના રેકર્ડમાં નથી તેમજ ભોગ બનનારની જન્મ તારીખ જે તે સમયે શેના આધારે નોંધવામાં આવેલી તે તેઓ કહી શકે નહી તેમ કબુલ રાખેલ છે.

**૧૬.** આ કામે આંક–૩૦ થી રજુ જન્મના પ્રમાણપત્રમાં અને આંક–૩૧ થી રજુ જન્મ રજીસ્ટરમાં ભોગ બનનારની જન્મ તા.૦૧.૧૨.૨૦૦૯ દર્શાવેલ છે, જેની નોંધણી તા.૩૦.૧૨.૨૦૦૯ ના રોજ થયેલ છે. જયારે આંક–૩૪ થી રજુ બોનાફાઇડ સર્ટી, આંક–૩૫ થી રજુ વચપત્રકનો ઉતારો અને આંક–૩૬ થી રજુ જનરલ રજીસ્ટરના ઉતારમાં ભોગ બનનારની જન્મ તા.૧૨.૦૧.૨૦૦૯ દર્શાવેલ છે, જેમાં સ્કુલમાં પ્રવેશ તા.૧૪.૦૬.૨૦૧૪ દર્શાવેલ છે. એટલે કે, ભોગ બનનારની બે અલગ–અલગ જન્મ તારીખ રેકર્ડ ઉપર હોવાનું જણાઇ આવે છે. ઉપરોકત જન્મ રજીસ્ટરમાં અને સ્કુલના જનરલ રજીસ્ટરમાં દર્શાવેલ ભોગ બનનારની જન્મ તારીખ શેના આધારે લખવામાં આવેલ છે તે અંગેનો પણ કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

**૧૭.** ભોગ બનનારે આંક–૧૪ થી રજુ પુરાવામાં **તેણીની જન્મ તા.૦૧.૧૨.૨૦૦૯** હોવાનું જણાવેલ છે જેને આંક–૩૦ થી રજુ જન્મના પ્રમાણપત્ર અને આંક–૩૧ થી રજુ જન્મ રજીસ્ટરથી સમર્થન મળે છે. પરંતુ, ભોગ બનનારની જન્મની નોંધણી કયા દસ્તાવેજના આધારે કરવામાં આવેલી તેની કોઇ નોંધ રજીસ્ટરમાં નથી તેવું આંક–૨૮ થી તલાટી કમ મંત્રીશ્રીએ કબુલ રાખેલ હોય, માની શકાય તેમ નથી.

**૧૮.** આ કામે વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે આ બન્ને જન્મ તારીખના અનુસંધાનમાં બનાવની તારીખ જોવામાં આવે તો બનાવ સમયે ભોગ બનનાર સગીર વયની હોવાનું જણાઈ આવે છે. પરંતુ બંને રેકર્ડમાં જુદી–જુદી જન્મ તારીખ લખવામાં આવી છે તેનો ખુલાસો કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે. પણ, ફરીયાદ પક્ષ તરફથી આ અંગેનો કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી.

**૧૯.** આમ, આ કામે આંક–૩૧ થી રજુ ગ્રામ પંચાયતના જન્મ રજીસ્ટરમાં ભોગ બનનારની જન્મ તારીખ:**૧૨.૦૧.૨૦૦૯** દર્શાવેલ છે. જયારે આંક–૩૬ થી રજુ XXXX પ્રાથમિક શાળાના જનરલ રજીસ્ટરમાં ભોગ બનનારની જન્મ તા.૦૧.૧૨.૨૦૦૯ દર્શાવેલ છે તે શેના આધારે લખાવવામાં આવેલી છે તે અંગેનો કોઇ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી ત્યારે આ બંને પૈકી કોઇ એક જન્મ તારીખ સાચી હોવાનું માની શકાય તેમન નથી અને તેથી આંક–૩૦ થી રજુ ગ્રામ પંચાયતના જન્મના પ્રમાણપત્ર ઉપર તેમજ આંક–૩૪ થી રજુ બોના ફાઇડસર્ટીફીકેટ ઉપર આધાર રાખી શકાય તેમ નથી. વધુમાં આંક–૧૬ થી તપાસેલ ડો.જયરાજ સીંગરાજ દેવધાના પુરાવા મુજબ, ભોગ બનનારનો બોન એઈજ એસ્ટીમેટ રીપોર્ટ ૧૫ થી ૧૭ વર્ષની વચ્ચેનો છે. સમાન્ય રીતે બોન એઈજ એસ્ટીમેટ રીપોર્ટમાં બે વર્ષ ઉપર તથા બે

વર્ષ નીચેનો તફાવત હોય છે. તેવા સંજોગોમાં બોન એઈજ એસ્ટીમેટ રીપોર્ટમાં દર્શાવેલ ઉંમર આધારે પણ બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા તેવું ચોકકસપણે માની શકાય તેમ નથી. વધુમાં ફરીયાદ પક્ષ તરફથી ભોગ બનનારનો જન્મ ઘરે થયેલો કે દવાખાનામાં થયેલો તે અંગે તેમજ ભોગ બનનારની ઉંમર અંગે પણ ભોગ બનનારના માતા–પિતાના પુરાવામાં વિરોધાભાસ હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ, ફરીયાદ પક્ષ અન્ય સમર્થનકારી પુરાવાના અભાવે બનાવ સમયે ભોગ બનનાર સગીર વયના હતા તેવું પુરવારમાં નિષ્ફળ ગયેલ હોય **મુદ્દા નં.૧** નો જવાબ **'નકાર'માં** આપવામાં આવે છે.

**<u>મુદા નં.૨ ની ચર્ચા</u> :–**

**૨૦.** ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત મુજબ આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલ તહોમતનામું નિઃશંકપણે તેમજ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનુ રહે છે. ભોગ બનનારનો પુરાવો તે મહત્વનો પુરાવો છે. વ્યથીતાનો પુરાવો માનવા લાયક અને સંતોષકારક જણાતો હોય તો વ્યથીતાના એકલાના પુરાવા પર આધાર રાખી આરોપીને સજા કરી શકાય. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે કેટલા સાહેદો તપાસ્યા કે તે સાહેદોની સંખ્યા તહોમત પુરવાર કરવા માટે મહત્વની હોતી નથી, પરંતુ સાહેદ કેટલી હદે વિશ્વસનીય છે અને તે રીતે સાહેદની પુરાવાની ગુણવત્તા મહત્વની છે તેમજ કાયદામાં એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે સગા સંબંધીઓના પુરાવા માત્ર એટલા માટે ડીસ્કાર્ડ કરી શકાય નહી કે તેઓ સગા સબંધી છે પરંતુ તેઓના પુરાવામાં કાળજીપુર્વક વિશ્લેષણ કરવાનુ રહે છે. વધુમા, સાક્ષીઓના પુરાવામાં નજીવી બાબતમાં તફાવત હોય તે સ્વાભાવીક છે અને તેવા તફાવતનો લાભ આરોપીને મળે નહી. જાતીય હુમલા/બળાત્કારના કીસ્સામા ભોગ બનનારનો પુરાવો એ ઈજા પામનાર સાહેદના પુરાવાને સમકક્ષ મુલ્ય ધરાવે છે પરંતુ જયારે ભોગબનનારના પુરાવાના આધારે આરોપીને

દોષીત ઠરાવવાનો હોય ત્યારે ભોગ બનનારનો પુરાવો સચોટ અને માનવા લાયક હોવો જોઇએ અને તેમાં કોઇ ત્રુટી કે ખામી કે વિરોધાભાસ કે વિસંગતતા વાળુ હોવુ જોઇએ નહી. જ્યારે ભોગ બનનારનો પુરાવો વિરોધાભાસી અને માનવાલાયક ન જણાય તેવા કીસ્સામાં માત્ર ગંભીર પ્રકારનો ગુનો છે તેટલા કારણસર ભોગ બનનારના તેવા પ્રકારના પુરાવાના આધારે આરોપીને દોષીત માની શકાય નહી. સામાન્ય રીતે બળાત્કાર અને શારીરિક જાતીય સતામણીના આક્ષેપો એ એવી જગ્યાએ થતો ગુન્હો હોય કે જયાં સામાન્ય રીતે નજરે જોનાર સાહેદો હોવાની અપેક્ષા રાખી શકાય નહી. એવા સંજોગોમાં ભોગ બનનારનો પુરાવો અદાલતને વિશ્વાસ પ્રેરે તેવો હોવો જોઈએ અને જો આ પુરાવામાં થોડી પણ શંકા ઉપસ્થિત થતી હોય તો વ્યથિતાના પુરાવાને અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળે તે ઈચ્છનીય બની રહે છે અને તે ડહાપણના નિયમ તરીકે પણ ઈચ્છનીય છે અને જો આવો સમર્થનકારક પુરાવો પણ અદાલતને વિશ્વાસ પ્રેરે તેવો ન હોય અને તેવા પુરાવામાં મહત્વની બાબતમાં વિરોધાભાસ કે વિસંગતતા ઉપસ્થિત થતી હોય તો એવા સંજોગોમાં આરોપી આવી મહત્વની બાબતમાં વિસંગતતા અને વિરોધાભાસનો લાભ મેળવવા હક્કદાર ઠરે છે. કાયદામા એ પણ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે જ્યારે પોક્સો એક્ટ હેઠળનો ગુનો હોય અને તે મુજબના ગુનાનો આક્ષેપ કરવામા આવેલ હોય ત્યારે પોક્સો એક્ટ ની કલમ ૨૯ અને કલમ ૩૦ અન્વયે કાયદાકીય અનુમાન આરોપીની વિરુધ્ધમા કરવામા રહે છે. પરંતુ, પોક્સો એક્ટ ની કલમ ૨૯ અને ૩૦ હેઠળ ની કાયદાકીય અનુમાન આપોઆપ અસ્તીત્વમા આવતા નથી. આવા કાયદાકીય અનુમાન કરવા સંદર્ભે પ્રોસીક્યુશન તરફથી પ્રાથમિક પુરાવો રજુ કરવાનો રહે છે અને જો આવો પ્રાથમિક પુરાવો, માનવાલાયક અને સંતોષકારક રજુ થયો હોય, ત્યારબાદ જ આવા અનુમાન આરોપીની વિરુધ્ધમા કરવાના રહે છે અને બોજાનુ વહન ત્યારબાદ આરોપીએ કરવાનુ રહે છે અને આવા કાયદાકીય અનુમાનનું ખંડન કરતો પુરાવો

આરોપી પોતે વીટનેશ બોક્સમાં આવીને અથવા તો ફરીયાદ પક્ષે રજુ થયેલ સાહેદોની ઉલટ તપાસ થકી અથવા તો બચાવમા સાહેદ તપાસીને રજુ કરી શકે છે અને આરોપીના શીર પર બોજાનું વહન Preponderenace of Probability ના સિધ્ધાંત મુજબ કરવાનુ રહે છે અને આવી સંભવિતતાઓ થકી પ્રોસીક્યુશનના કેસમા શંકા ઉપસ્થિત કરી શકે છે. વધુમા એ પણ નોંધવુ ઘટે કે શંકાઓ કાલ્પનીક ન હોવી જોઈએ વ્યાજબી શંકા હોવી જોઈએ કે સામાન્ય સમજ ધરાવાતા વ્યક્તિ તરીકે સ્વીકારી શકાય. આમ, આ સર્વ સામાન્ય સિધ્ધાંતને ધ્યાનમાં રાખી ભારતીય પુરાવા અધીનીયમની કલમ ૩ "હકીકત", "પ્રસ્તુત", "વાદગ્રસ્ત હકીકત", "દસ્તાવેજ", "પુરાવો", "સાબીત થયેલી", "ના સાબીત થયેલી", "સાબીત ન થયેલી" વીગતો ને સંદર્ભે ધ્યાન મા રાખીને ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**૨૧.** હવે, આ કામે પ્રોસીકયુશન તરફે આંક-૦૩ નુ તહોમતનામું પુરવાર કરવા માટે મૈખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે. હવે તહોમતનામાની વિગત વંચાણે લેતા ભોગ બનનારનો પુરાવો સૌથી મહત્વનો ગણી શકાય અને આ કામે પ્રોસીકયુશન તરફે **સાહેદ નં.૦૩ તરીકે ભોગ બનનારને આંક-૧૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે અને તેણીએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવના દિવસે રાત્રીના તેણી, તેણીનો ભાઇ તથા તેણીના માતા-પિતા એ રીતેના તેઓના કુટુંબી મુકેશભાઈ ડામોરના ઘરે વાસ્તુપુજન અને ચાંદલાવીધીના કાર્યક્રમમાં ગયેલા અને ત્યાં તેણી તેની બહેનપણી સાથે ફોન પર વાત કરતી હતી ત્યારે **તેણીના ભાઈ સાથે મોબાઈલ બાબતે ઝઘડો થયેલો જેથી તેણી કોઈને કહ્યા વગર તેણીની બહેનપણીના ઘરે ખરસાણા મુકામે જતી રહેલી અને ત્યાં તેણીની ચાર-પાંચ દિવસ રોકાયેલી.** તે પછી પોલીસ આવતા તેણીને પો.સ્ટેશનમાં લાવેલા અને ત્યાં તેણીને જાણવા મળેલ કે, **તેણીના પિતાએ અજીતભાઈ સુરમલભાઈ ગરાસીયા સામે તેણીના અપહરણની ખોટી ફરીયાદ આપેલ છે.** તે બાદ પોલીસે

તેણીની પુછપછર કરેલી, મેડીકલ તપાસણી કરવા સારૂ ઝાલોદ સરકારી દવાખાને અને તે પછી દાહોદ સરકારી દવાખાને લાવેલા, ત્યાં તેણીની મેડીકલ ચકાસણી કરેલી. પોલીસ તેણીને જવાબ લેવા સારૂ ઝાલોદ કોર્ટમાં લઇ ગયેલ, ત્યાં તેણીનું નિવેદન લેવામાં આવેલુ. ભોગ બનનાર બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનમાં તેણીની સહી ઓળખી બતાવેલ છે જે આંક–૧૫ થી રેકર્ડ ઉપર રજુ રાખેલ છે. વધુમાં જણાવે છે કે તેણીને કોર્ટના રેકર્ડમાંથી આ કામના આરોપી અજીતભાઇ સુરમલભાઇ ગરાસીયાનો **ફોટો બતાવવામાં આવતાં, આ અગાઉ આ આરોપીને કયારેય જોયેલ નથી કે તેને તેણીની ઓળખતી નથી તેમ જણાવેલ છે. વધુમાં આરોપી સાથે તેણીને બનાવ અગાઉ એક વર્ષ પહેલા પ્રેમ સંબંધ હતો અને આરોપીએ તેણીના ઘર નજીક ખેતરમાં તેણીની ઇચ્છા વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલો અને બનાવના અરસામાં આ અજીતનો તેણીની ઉપર ફોન આવેલો અને તે તેણીને મળવા આવેલો અને તે તેણીને પત્ની તરીકે રાખવા સારૂ લઇ જવા માંગતા હોય તેણીએ ના પાડેલ તેમ છતાં તેણીને જબરજસ્તીથી તેના મામાના ઘરે લઇ ગયેલો અને ત્યાં તેણીને રાખેલ અને તેણીની મરજી વિરૂધ્ધ અવાર નવાર તેણીની સાથે શરીર સંબંધ બાંધેલો હોય તેવું બનેલ નથી.** ભોગ બનનારે ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપેલ ન હોઇ, ફરીયાદ પક્ષ તરફે ભોગ બનનારને ફરી ગયેલ જાહેર કરી ફરીયાદ પક્ષે તેણીની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થનકારક કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં **તેણી અને તેણીના ભાઇ વચ્ચે મોબાઇલ બાબતે ઝઘડો થતા તેણીની સ્વેચ્છાએ જતી રહેલી તેમ કબુલ રાખેલ છે. વધુમાં આરોપી તેણીને ભગાડી ગયેલ હોય કે આરોપીએ તેણીની સાથે ખોટુ કામ કર્યુ હોય તેવુ બનેલ નથી** તેમજ તેણીને ડૉકટર પાસે તપાસ માટે લઇ ગયેલા હોય અને તેણીએ ડૉકટર સમક્ષ હિસ્ટ્રી જણાવેલી હોય તેવુ બનેલ નથી તેમ કબુલ રાખેલ છે.

**૨૨.** આ કામે ભોગ બનનારના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ભોગ બનનાર કે જેઓના પુરાવા પર ફરીયાદ પક્ષના કેસનો સમગ્ર આધાર રહેલ છે, તેઓએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ ન હોય, ફરીયાદ પક્ષ તરફથી તેણીને વિમુખ થયેલા જાહેર કરવામાં આવેલ છે એટલે કે ભોગ બનનારે સ્પષ્ટપણે આંક–૦૩ થી ફરમાવવામાં આવેલ તહોમતનામાની વિગતો મુજબ અને તેણીના પોલીસ રૂબરૂના નિવેદનથી તદ્રન વિપરીત પ્રકારનો પુરાવો રજુ રાખેલ છે. આંક–૧૪ થી ભોગ બનનારનો અદાલત સમક્ષના સોગંદ ઉપરના પુરાવાની મુલવણી કરવામાં આવે તો આરોપી ભોગ બનનારને ભગાડી લઈ ગયેલ હોય કે તેણીની સાથે શારીરીક સબંધ બાંધેલ હોય તેવુ બનેલ નથી, તેમજ તેણીની સાથે કોઈ બનાવ બનેલ ન હોવાનું જણાવેલ હોય, તે સંજોગોમાં ભોગ બનનારનો પુરાવો આધારભુત હોવાનુ જણાતુ નથી. ભોગ બનનારને કોર્ટના રેકર્ડમાંથી આરોપીનો ફોટો બતાવતા તેણીએ આ અગાઉ આરોપીને કયારેય જોયેલ નથી કે તેને ઓળખતી નથી તેમ જણાવેલ છે. આમ, આ કામના ભોગ બનનારે તેણીની સોગંદ પરની જુબાનીમાં પોતાના પોલીસ સમક્ષના નિવેદનની હકીકતોને કે ફરીયાદની કોઇ જ હકીકતોને સમર્થન આપેલ નથી. આમ, ફરીયાદ પક્ષ બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનોની વિગતો ભોગ બનનારના પુરાવા થકી રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં નિષ્ફળ રહેલ છે. તદઉપરાંત કાયદાકીય પરિસ્થિતી ધ્યાને લેવામાં આવે તો કલમ ૧૮૩ મુજબનું સ્ટેટમેન્ટ એ એક previous statement કહી શકાય. કાયદાનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબનું નિવેદન માત્ર કોન્ટ્રાડીકશન અથવા કોરોબરેશન પુરતુ ઉપયોગમાં લઈ શકાય. જયારે મહત્વના કોર્ટ સમક્ષના પુરાવાથી પ્રોસિકયુશનનો કેસ પુરવાર થતો ન હોય ત્યારે માત્ર બી.એન.એસ.એસ.ની કલમ–૧૮૩ મુજબના નિવેદનને આધારે દોષિત ઠરાવી શકાય નહી. **(Bisipati Padhan v/s. State in A.I.R. 1969 Orissa 289: Ram Kishan -vs- Harmit A.I.R. 1972 SC 468,**

**State v/s. Shriram Lohiya A.I.R. 1960 SC 490)** તે સંજોગોમાં આંક–૧૫ વાળુ બી.એન.એસ. એસ.ની કલમ–૧૮૩ મુજબનુ નિવેદન તેણીનુ સ્વેચ્છાપુર્વકનુ નિવેદન ગણી શકાય નહીં અને તેવા નિવેદન પર આધાર પણ રાખી શકાય નહીં અને તેવા નિવેદનના આધારે ફરીયાદ પક્ષનો કેસ પુરવાર થયેલો માની શકાય નહીં. આમ, ભોગ બનનારની સમગ્ર જુબાની ધ્યાનમાં લેતા, તેણીના પુરાવા થકી તેણીને આરોપી ભગાડી લઈ ગયેલ હોય કે તેણીની સાથે શારીરીક સબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી. ભોગ બનનારનો પુરાવો તેણીના પોલીસ રૂબરૂના નિવેદનથી તદ્દન વિપરીત પ્રકારનો રજુ થયેલ હોય તે પુરાવો માનવાલાયક હોવાનું જણાતુ નથી. વળી, ભોગ બનનારે જયારે તેણીનું આરોપીએ અપહરણ કરેલ ન હોવાનું કે આરોપીએ શારીરીક સબંધ બાંધેલ ન હોવાનું સ્પષ્ટ જણાવેલ હોય ત્યારે કથિત ગુનાના કામે આરોપીને સાંકળતો હોવાનો કોઈ પુરાવો પ્રોસીકયુશન રેકર્ડ ઉપર ઉપસ્થિત કરવામાં નિષ્ફળ રહેલ છે.

**૨૩.** આ કામે ફરીયાદ પક્ષ તરફથી સાહેદ નં.૦૧ તરીકે ફરિયાદી/ભોગ બનનારના પિતાને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાંવેલ છે કે, તેઓ અભણ છે. બનાવ આશરે પાંચેક મહીના પહેલા બનેલો, તારીખ તેઓને હાલ યાદ નથી. બનાવના દિવસે રાત્રીના તેઓ તથા તેમના પત્ની અને તેમના બાળકો એ રીતેના તેઓના કુટુંબી મુકેશભાઇ ડામોરના ઘરે વાસ્તુપુજન અને ચાંદલાવીધીનો કાર્યક્રમ હોય ત્યાં ગયેલા અને ત્યાં તેમનો છોકરો અને છોકરી મોબાઈલ માટે ઝઘડેલા અને તેમની ભોગ બનનાર દિકરી ત્યાંથી કયાંક જતી રહેલી અને ત્યાં તપાસ કરતા જોવા ન મળતા ઘરે ગયેલ હશે તેમ માની ઘરે આવેલા. ઘરે આવી ફળીયામાં તેમજ ગામમાં તપાસ કરેલી, પરંતુ તેમની છોકરી મળેલ ન હતી અને પછી, **વાતોવાતથી જાણવા મળેલ કે ઠુઠી કંકાસીયા ગામના સુરમલભાઈનો છોકરો બૈરી તરીકે રાખવા સારૂ લઈ ગયેલાનું જાણવા**

**મળતા** તેઓએ તપાસ કરેલી, પરંતુ તે લોકો હાથમાં ન આવતા તેઓ ઝાલોદ પો.સ્ટેશનમાં ફરીયાદ કરવા ગયેલા અને ત્યાં તેઓની છોકરીને સુરમલનો છોકરો લઇ ગયા સંબંધીની ફરીયાદ આપેલી. તેઓ આંક–૧૨ થી રજુ ફરીયાદમાં તેઓના અંગુઠાનું નિશાન ઓળખી બતાવે છે. બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં, **તેઓના છોકરા–છોકરી મોબાઇલ બાબતે ઝઘડેલા હોય તેમની ભોગ બનનાર છોકરી કહયા વગર કયાંક જતી રહેલી અને તેમની ભોગ બનનાર છોકરી કોણી જોડે કયાં ગઇ તે તેઓ જાણતા નથી તેમ કબુલ રાખેલ છે.** વધુમાં તેમની દિકરી કયાંક જતી રહી હોય ગામના લોકોએ કહેલુ જેથી તેઓ ફરીયાદ કરવા ગયેલા અને ગામના લોકોએ ફરીયાદ આપેલી અને તેઓને અંગુઠો કરવાનું કહેતા તેઓએ અંગુઠો કરેલો અને ફરીયાદમાં અંગુઠો કર્યો તે સીવાય બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી તેમ કબુલ રાખેલ છે.

**૨૪.** આ ફરીયાદી સાહેદના ઉપરોકત પુરાવો મુલવણી કરવામાં આવે તો તેઓ ભોગ બનનારના પિતા થાય છે અને બનાવના દિવસે તેમના દિકરા અને ભોગ બનનાર દિકરી વચ્ચે મોબાઇલ બાબતે ઝઘડો થતાં, તેમની ભોગ બનનાર દિકરી કહયા વગર કયાંક જતી રહેલી, કોની જોડે, કયાં ગઇ તે તેઓ જાણતા નથી તેમ કબુલ રાખેલ છે. વધુમાં ગામના લોકોએ ફરીયાદ આપેલી અને તેઓએ માત્ર અંગુઠો કરેલો, ફરીયાદમાં અંગુઠો કર્યા સિવાયની બીજી કોઇ હકીકત તેઓ જાણતા નથી તેમ કબુલ રાખેલ છે. આમ, ફરીયાદી/ભોગ બનનારના પિતાએ આંક–૧૨ ની ફરીયાદમાં જણાવેલ વિગતોથી અને તેઓના પોલીસ રૂબરૂના નિવેદનથી તદ્રન વિપરીત પ્રકારનો પુરાવો રજુ રાખેલ છે. આમ ભોગ બનનારના પિતાના પુરાવાથી પણ આ કામના આરોપી ભોગ બનનારને પત્ની તરીકે રાખવા સારૂ લલચાવી, પટાવી અપહરણ કરી લઇ ગયેલ હોય કે ભોગ બનનાર સાથે કોઇ દુષ્કર્મ આચરેલ હોવાનું પુરવાર થતુ નથી. પરંતુ, ભોગ બનનાર મોબાઇલ બાબતે તકરાર થતાં

સ્વેચ્છાએ ઘર છોડીને જતી રહેલ હોવાનું જણાઇ આવે છે.

**૨૫.** આ કામે ફરીયાદ પક્ષ તરફથી સાહેદ નં.૦૨ તરીકે ભોગ બનનારની માતાને આંક-૧૩ થી સોગંદ ઉપર તપાસેલા છે અને તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં એવુ જણાંવેલ છે કે, બનાવ સમયે ભોગ બનનારની ઉંમર ૧૫ વર્ષની હતી. બનાવના દિવસે રાત્રીના તેણી, તેણીના પતિ અને તેણીના બાળકો એ રીતેના તેઓના કુટુંબી મુકેશભાઈ ડામોરના ઘરે વાસ્તુપુજન અને ચાંદલાવીધીનો કાર્યક્રમ હોય ત્યાં ગયેલા અને ત્યાં તેણીનો છોકરો અને છોકરી મોબાઇલ માટે ઝઘડેલા અને તેણીની ભોગ બનનાર દિકરી ત્યાંથી કયાંક જતી રહેલી અને ત્યાં તપાસ કરતા જોવા ન મળતા ઘરે ગયેલ હશે તેમ માની ઘરે આવેલા. ઘરે આવી ફળીયામાં તેમજ ગામમાં તપાસ કરેલી, પરંતુ તેણીની છોકરી મળેલ ન હતી. **પછી વાતોવાતથી જાણવા મળેલ કે તેની બહેનપણીના ઘરે જતી રહેલી** અને તેની બહેનપણીનું નામ તેણીને યાદ નથી. **ભોગ બનનાર મળી આવતા તેણીએ તેઓને એવુ કહેલ કે, હું બહેનપણીના ઘરે જતી રહેલી**. ચાર પાંચ દિવસ તપાસ કરવા છતાં તેણીની દિકરી મળી ન આવતા તેણીના પતિએ ઝાલોદ પો.સ્ટેશનમાં જઇ તેઓની દિકરી ગુમ થઇ ગયેલાની ફરીયાદ આપેલી. વધુમાં જણાવે છે કે, **તેણીની ભોગ બનનાર છોકરીને આરોપી પત્ની તરીકે રાખવા સારૂ અપહરણ કરીને લઇ ગયેલ અને તે અંગેની તેણીના પતિએ ફરીયાદ આપેલી હોય તેવું બનેલ નથી.** ફરીયાદ પક્ષ તરફે તેણીને ફરી ગયેલ જાહેર કરી ફરીયાદ પક્ષે તેણીની ઉલટતપાસ કરવા છતાં ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થનકારક કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવેલ નથી. બચાવ પક્ષ તરફે વિ.વ.શ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેણીના છોકરા-છોકરી મોબાઇલ બાબતે ઝઘડેલા હોય, તેણીની ભોગ બનનાર છોકરી કહયા વગર કયાંક જતી રહેલી તેમ કબુલ રાખેલ છે. વધુમાં તેણીની **ભોગ બનનાર કોણી જોડે કયાં ગઇ તે તેણીની જાણતી નથી તેમ કબુલ રાખેલ છે.** વધુમાં તેણીની દિકરી

કયાંક જતી રહી હોય ગામના લોકોએ કહેલુ, જેથી તેણીના પતિ ફરીયાદ કરવા ગયેલા અને ગામના લોકોએ ફરીયાદ આપેલી અને તેણીના પતિને અંગુઠો કરવાનું કહેતા અંગુઠો કરેલો તેમ કબુલ રાખેલ છે.

**૨૬.** આ સાહેદના ઉપરોકત પુરાવો મુલવણી કરવામાં આવે તો તેઓ ભોગ બનનારના માતા થાય છે. બનાવના દિવસે તેણની ભોગ બનનાર દિકરી મોબાઇલ બાબતે ઝઘડો થતાં કહયા વગર કયાંક જતી રહેલી અને તે પછી ભોગ બનનાર મળી આવતાં, બહેનપણીના ઘરે જતી રહેલ હોવાનું ભોગ બનનારે તેણીને જણાવેલ છે. વધુમાં ભોગ બનનારને આરોપી પત્ની તરીકે રાખવા સારૂ અપહરણ કરીને લઇ ગયેલ તેવું બનેલ નથી તેમ જણાવેલ છે. આમ, ભોગ બનનારની માતાના પુરાવાથી પણ આરોપી ભોગ બનનારને પત્ની તરીકે રાખવા સારૂ લલચાવી, પટાવી અપહરણ કરી લઇ ગયેલ હોય કે ભોગ બનનાર સાથે કોઇ દુષ્કર્મ આચરેલ હોવાનું પુરવાર થતુ નથી. પરંતુ, ભોગ બનનાર મોબાઇલ બાબતે તકરાર થતાં સ્વેચ્છાએ ઘર છોડીને બહેનપણીના ઘરે જતી રહેલ હોવાનું જણાઇ આવે છે.

**૨૭.** આ કામે ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ભોગ બનનારના માતા–પિતા અને ભોગબનનારનો પુરાવો મહત્વની બાબતોના અનુસંધાને વિરોધાભાસી, વિસંગતતાવાળો જણાઈ આવે છે અને આગળ ચર્ચા કર્યા પ્રમાણે ભોગ બનનાર કે જે મુખ્ય સાહેદ છે તેણીનો ખુદનો પુરાવો જયારે અવિશ્વનીય હોવાનું અને આધારભુત ન હોવાનું આ અદાલતે તારણ આપેલ હોય ત્યારે ફરીયાદ પક્ષના અન્ય સાહેદોનો પુરાવો પોકસો એકટના આક્ષેપિત તહોમત પુરવાર કરવા માટે પ્રોસીકયુશનને મદદરૂપ નિવડી શકતો નથી. પ્રોસીકયુશન તરફેના મહત્વના એવા ભોગ બનનારે સમર્થનકારક પુરાવો રજુ રાખેલ ન હોય ત્યારે અદાલતે એ નકકી કરવાનુ રહે છે કે શું પ્રોસીકયુશન ગૌણ પુરાવાથી આક્ષેપિત તહોમત પુરવાર કરી શકેલ છે કે કેમ અને તે અનુસંધાને સૌથી

મહત્વનો પુરાવો મેડીકલ ઓફીસર કે જેઓએ ભોગ બનનારની શારીરીક તપાસણી કરેલ છે તેઓનો બની રહે છે.

**૨૮.** ફરીયાદ પક્ષે સાહેદ નં.૦૪ તરીકે ડો. જયરાજ સીંગરાજ દેવધાને આંક–૧૬ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ ભોગ બનનાર તથા આરોપીની શારીરીક તપાસ કરનાર મેડીકલ ઓફીસર છે તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે તા.૦૭.૧૧.૨૦૨૫ ના રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકેની ફરજ પર હાજર હતા તે દરમ્યાન પી.આઈ.શ્રી, ઝાલોદ પો.સ્ટે.નાઓની આંક–૧૭ વાળી લેખીત યાદી સાથે ભોગ બનનારને તેમની રુબરુ શારીરીક ચકાસણી માટે લઈ આવેલ હતા. સદરહુ યાદી આધારે તેઓએ ભોગ બનનારની શારીરીક ચકાસણી કરવા માટે સંમતિ લીધેલી. ભોગ બનનારના ઓળખના ચિન્હો નોંધી, તેણીની હિસ્ટ્રી નોંધેલ. તેમજ ભોગ બનનારની શારીરીક તપાસણી કર્યા બાદ ભોગ બનનારના શરીર ઉપરથી જરૂરી સેમ્પલો લીધેલ અને સીલબંધ હાલતમાં પોલીસ કર્મચારીને એફ.એસ.એલ.રીપોર્ટ માટે સેમ્પલ સુપ્રત કરેલા અને આંક–૨૩ થી ભોગ બનનારની શારીરીક તપાસણી કર્યા અંગેનું સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ હોવાનું જણાઈ આવે છે તેમજ તેજ દિવસે આંક–૨૪ વાળી યાદીના આધારે આરોપી અજીતભાઇ સુરમલભાઇ ગરાસીયાની શારીરીક તપાસણી કરેલ છે. આરોપીની હિસ્ટ્રી નોંધેલ છે તેમજ આરોપીની શારીરીક તપાસણી કર્યા બાદ જરૂરી સેમ્પલ લીધેલ અને સીલબંધ હાલતમાં પોલીસ કર્મચારીને એફ.એસ.એલ.રીપોર્ટ માટે સેમ્પલ સુપ્રત કરેલા તેમજ આંક–૨૭ થી આરોપીની શારીરીક તપાસણી કર્યા અંગેનું સર્ટીફીકેટ ઈસ્યુ કરેલ હોવાનું જણાઈ આવે છે. તેઓના અભિપ્રાય મુજબ આરોપી શારીરીક સબંધ બાંધવા માટે સક્ષમ હોવાનું જણાવેલ છે. બચાવપક્ષની ઉલટતપાસમાં ભોગ બનનાર તથા આરોપીને તપાસતા કોઇ તાજી કે જુની કોઇ ઈજા જણાયેલ નહી તેમ કબુલ રાખેલ છે. વધુમાં ભોગ બનનારની હિસ્ટ્રીમાં તેણી સાથે કોઇ દુષ્કર્મ થયેલાનું જણાવેલ નથી

તેમ કબુલ રાખેલ છે.

**૨૯.** ઉપરોકત તબીબી સાહેદનો એકંદરે પુરાવો જોવામાં આવે તો ભોગ બનનારને અને આરોપીને યાદીના આધારે શારીરીક તપાસણી માટે હાજર રાખેલ હોવાનું માની શકાય તેમ છે અને તબીબી સાહેદ સમક્ષ ભોગ બનનારે આપેલ હિસ્ટ્રી નોંધેલ હોવાનું અને જરૂરી સેમ્પલ કબજે કરી પોલીસ કર્મચારીને આપેલ હોવાનું પણ માની શકાય તેમ છે પરંતુ મેડીકલ પુરાવો એ સમર્થનકારક પુરાવો છે અને મુખ્ય પુરાવાની ગેરહાજરીમાં સમર્થનકારક પુરાવો પર્યાપ્ત જણાઈ આવતો નથી. ખાસ કરીને ભોગ બનનાર અને આરોપીને કોઈ ઈજા હોવાનું જણાઈ આવતુ નથી. નોંધનીય છે કે, બળાત્કારનો ગુનો પુરવાર કરવા માટે દરેક કિસ્સામાં ઈજા થવી જરૂરી નથી, પરંતુ હાલના કેસમાં ભોગ બનનાર ખુદ કોઇ બનાવ બનેલ નથી તેમ જણાવતી હોય ત્યારે તબીબી પુરાવો પ્રોસીકયુશનને આક્ષેપિત તહોમત પુરવાર કરવા માટે ખાસ કોઈ રીતે મદદરૂપ નીવડતો નથી.

**૩૦.** આ કામે સીધા પુરાવા થકી આરોપીની કોઈ જ સંડોવણી નીકળી આવતી નથી અને મેડીકલ ઓફીસર સમક્ષ જે હીસ્ટ્રી આપેલ તે તબીબી પુરાવો ગૌણ સ્વરૂપનો હોય પ્રોસીકયુશનને મદદરૂપ નિવડતો નથી. એ સંજોગોમા તબીબી પુરાવો પ્રોસીકયુશનને આક્ષેપિત તહોમત પુરવાર કરવામાં મદદરૂપ નિવડતો નથી. હવે, પોલીસ સાહેદોનો ટુંકમાં પુરાવો જોવામાં આવે તો,

**૩૧.** ફરીયાદ પક્ષે રજુ પોલીસ સાહેદના પુરાવામાં સાહેદ નં.૦૭ તરીકે રવિકુમાર જમુભાઇ ગામીત, પી.આઇ. ઝાલોદ પો.સ્ટેશનાને આંક-૩૭ થી તપાસેલા છે. તેઓનો પુરાવો જોવામાં આવે તો તેઓ તા.૦૫.૧૧.૨૦૨૫ ના રોજ રજા ઉપર હોય, તેમનો ચાર્જ લીમડી પો.સ્ટે.ના પી.આઈ. કે.કે. રાજપુતનાઓને સોંપેલો અને કે.કે. રાજપુત

ફરજ ઉપર હાજર હતા ત્યારે આ કામના ફરીયાદીએ ફરીયાદ આપતા તે તેઓના લખાવ્યા મુજબની આંક-૧૨ થી રજુ ફરીયાદ લખી લીધેલ અને તે બાદ પી.એસ.ઓ. તરફ ગુનો દાખલ કરવા આંક-૩૮ થી રજુ યાદી કરેલ અને આંક-૩૯ વાળુ સુચિપત્ર તૈયાર કરેલુ. તા.૦૬.૧૧.૨૦૨૫ ના રોજ તેઓ હાજર થતાં તેઓએ તપાસ સંભાળી લીધેલ. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. બે સ્વતંત્ર પંચોની હાજરીમાં ગુનાવાળી જગ્યા, મુદામાલ કબજે કરવાનું વિગતવારનું પંચનામું કરેલ. ત્યારબાદ ભોગ બનનારની તથા આરોપીની મેડીકલ તપાસણી કરવા રીપોર્ટ કરેલ. ભોગ બનનારના તથા આરોપીના કપડા કબજે લેવા અંગેના પંચનામાઓ કરેલા. ભોગ બનનારનું બી.એન.એસ.એસ.કલમ-૧૮૩ મુજબના નિવેદન લેવાની કાર્યવાહી કરેલ. બાદ મુદામાલ પરીક્ષણ અર્થે એફ.એસ.એલ.માં રવાનગી નોંધ સાથે મોકલી આપેલ તેમજ આ સાથે આંક-૩૮ થી આંક-૫૧ સુધીના દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

**૩૨.** ઉપરોકત તપાસ કરનાર અમલદારનો પુરાવો જોવામા આવે તો તેઓએ તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહીનો વિસ્તૃત પુરાવો રજુ રાખેલ છે સદરહુ સાહેદ તપાસ કરનાર અમલદાર છે એટલા માત્ર કારણસર જ તેમના પુરાવાને નહી માનવો જોઇએ તેવા કોઈ કાયદાકીય ધોરણો નથી પરંતુ જયારે પોકસો એકટના આક્ષેપો તથા તે સંદર્ભે પીડિતાનો પુરાવો મહત્વનો ગણી શકાય. આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદ પક્ષના મુખ્ય સાહેદો ભોગ બનનારના માતા-પિતા તેમજ ખુદ ભોગ બનનારના પુરાવાથી ફરીયાદ પક્ષના કેસને લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થેયલ નથી તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષે રજુ થયેલ તબીબી પુરાવા, તેમજ અન્ય સાહેદોનો પુરાવો તે ગૌણ પુરાવો ગણી શકાય અને મુખ્ય પુરાવો જયારે રેકર્ડ ઉપર ઉપસ્થિત થયેલ ન હોય ત્યારે તેવા પુરાવાનુ

વિશેષ કોઈ મહત્વ ગણી શકાય નહી. ખાસ કરીને જયારે તબીબી પુરાવા થકી આરોપીની સંડોવણી થતી હોય તેવી કોઈપણ હકીકત રેકર્ડ ઉપર ઉપસ્થીત થયેલ ન હોય, ત્યારે આ કામે તપાસવામાં આવેલ ત.ક.અમલદારે તેમની ફરજના ભાગરૂપે કરેલ કાર્યવાહી અંગેની હકીકતો વિગતવાર જણાવેલ છે અને તે મુજબ પોલીસે કાર્યવાહી કરેલ હોવાનું માની શકાય તેમ છે. પરંતુ આ પોલીસ સાહેદ કે તબીબી સાહેદના પુરાવાને મુખ્ય સાહેદ ભોગ બનનારના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય, ત્યારે આરોપી સામેનો કેસ સાબીત થયેલાનું માની શકાય નહી તેમજ મેડીકલ ઓફિસરશ્રીનો પુરાવો આરોપીને કથીત ગુનાના કામે સાંકળવા માટે પર્યાપ્ત ગણી શકાય નહી. આ તબકકે હું નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચે મુજબનો ચુકાદો વંચાણે લેવો જરૂરી માનુ છું.

૩૩. **લાલજીભાઈ રાઘવભાઈ તઘાણી વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૩ થી એલ.એલ.ઈ.એલ–એચસી–૨૩૦૦૬૫ (ક્રિમિનલ અપીલ નં.૧૪૩૧/ ૨૦૧૦)**ના ચુકાદામાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા એવું ઠરાવવામાં આવેલ છે કે જયારે ભોગ બનનાર ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપતા ન હોય ત્યારે રેકર્ડ ઉપર અન્ય સમર્થનકારી પુરાવો એવો હોવો જોઈએ કે જેનાથી ચોકકસપણે એવુ પુરવાર થાય કે આરોપીએ સદર ગુનો આચરેલ છે. આમ, ઉપરોકત કેસોમાં દર્શાવેલ સિદ્ધાંતો તેમજ પ્રોસિકયુશન તરફે રજુ થયેલ ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાનમાં લેતા મહત્વના પુરાવાથી આરોપી સામેનું તહોમત સાબિત થતું નથી અને અન્ય પુરાવો એટલો સચોટ અને મજબુત નથી કે તેનાથી સ્પષ્ટ રીતે પુરવાર થઈ શકે કે આરોપીએ જ ગુનો આચરેલ છે. ઉપરોકત સંજોગોમાં પ્રોસિકયુશન આરોપી સામેનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલુ છે તેવુ આ અદાલતનું તારણ છે.

૩૪. **૨૦૧૬(૦)એઆઈજેઈએલ–એચસી–૨૩૫૦૨૪ સ્ટેટ ઑફ ગુજરાત વિરૂદ્ધ તુલસીભાઈ ભગવાનભાઈ ડાંગશીયા**ના ચુકાદામાં નામ.ગુજરાત

હાઈકોર્ટની ડીવીઝન બેન્ચમાં સદર કિસ્સામાં ટ્રાયલ કોર્ટ દ્વારા આરોપીને ઈ.પી.કોડ કલમ–૩૬૩, ૩૬૬, ૩૭૬ના ગુનાના કામે છોડી મુકવામાં આવેલ તે હુકમની સામે રાજ્ય દ્વારા નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરવામાં આવેલી,જેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટનો હુકમ માન્ય રાખેલો અને એવું તારણ નોંધેલ કે,ભોગ બનનારે જે હિસ્ટ્રી ડૉકટર સમક્ષ આપેલી તેનાથી વિરૂધ્ધની હકિકત કોર્ટ સમક્ષ જણાવેલ હતી અને તે સંજોગોમાં નામ.ટ્રાયલ કોર્ટ દ્વારા ગ્રાહ્ય રાખેલ નથી તે તારણ માન્ય કરેલું. આમ,સમગ્ર પુરાવો એક સાથે વંચાણે લેવામાં આવે તો ભોગ બનનારને પ્રોસીક્યુશન દ્વારા આ બનાવના મહત્વના સાહેદ તરીકે તપાસવામાં આવેલ છે. તેણીએ ફરીયાદ પક્ષના કેસને બિલકુલ સમર્થન આપેલ નથી. ભોગ બનનારના માતા–પિતા પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી. પોકસો એક્ટ અન્વયેનો ગુનો એ બાળકો સાથેનો ગુનો છે અને દુષ્કર્મનો અત્યંત ગંભીર પ્રકારનો ગુનો છે અને આ અદાલત એ હકિકતથી વાકેફ છે,પરંતુ તેની સાથોસાથ અદાલતે એ પણ સુનિશ્ચિત કરવાનું હોય છે કે,આરોપીને દોષિત ઠરાવવા માટે કાયદેસરનો પુરાવો પ્રોસીક્યુશન દ્વારા રજુ થયેલો હોવો જોઈએ. હાલના કેસમાં ઉપરોક્ત ચર્ચા કરી તે મુજબ મહત્વના સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતા નથી, તેમજ સંજોગો આધારીત પુરાવો ધ્યાને લેતા પણ તે ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ બનતો નથી.

**૩૫.** આમ, પ્રોસીકયુશન તરફથી કોઈ પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ ન હોય ત્યારે પોકસો એકટની કલમ ૨૯ અને કલમ ૩૦ અન્વયેના કાયદાકીય અનુમાન કરવા જેટલો પુરાવો પ્રોસીકયુશન રેકર્ડ ઉપર ઉપસ્થીત કરી શકેલ ન હોય, ત્યારે આવા અનુમાન આરોપીની વિરૂધ્ધમાં થઈ શકે તેમ નથી અને તેથી આરોપીને તેમની સામે આંક–૦૩ થી જે તહોતમનામુ ઘડેલુ છે તે મુજબનો ગુનો આ કામના આરોપીએ કરેલ હોય તેવી હકીકત ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર

કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે અને ફરીયાદ પક્ષે ગૌણ પુરાવો Scientific or FSL **Evidence or Electronic Evidence** રજુ કરવામાં આવેલ ન હોય, આરોપીની સંડોવણી થતી હોય તેવો પુરાવો રેકર્ડ ઉપર ઉપસ્થિત કરી શકેલ ન હોય, ત્યારે આરોપીને તેમની સામેના આક્ષેપિત ગુનામાં દોષિત ઠરાવી શકાય નહી.

**૩૬.** આમ, ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતા આ કામે ખુબ મહત્વના સાહેદો ખુદ ભોગ બનનાર કે જેઓ **star witness** છે અને તેઓએ જયારે આ કામના આરોપી વિરુદ્ધ કોઇ પુરાવો આપેલ નથી. આમ સમગ્ર રીતે જોતા ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદોના પુરાવામાં બનાવ વખતે ભોગ બનનાર સગીર વયના હોવાનું નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે, તેમજ હાલના આરોપીએ તેઓ વિરુધ્ધ આંક–૦૩ થી ફરમાવેલ તહોમત મુજબનો ગુના કર્યો હોય તેવી હકીકત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ હોય અને આવી વ્યાજબી શંકાનો લાભ આરોપીઓને આપવો ન્યાયી, ઉચિત જણાતું હોય તેવો સંજોગોમાં **મુદા નં.૨** નો નિર્ણય **'નકાર'માં** આપી, મુદા નં.૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**(૧)** આથી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા(બી.એન.એસ.એસ.) ૨૦૨૩ ની કલમ–૨૫૮(૧) અન્વયે આ કામના આરોપી અજીતભાઇ સુરમલભાઇ ગરાસીયા, રહે. ઠુંડી કંકાસીયા, તા.ઝાલોદ, જી.દાહોદનાઓને ઝાલોદ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૮૨૧૦૩૦ ૨૫૧૫૮૯/ ૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ– ૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એમ) તથા જાતિય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ–૨૦૧૨ ની કલમ–૪,૬ મુજબના ગુનામાથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના ભોગ બનનારનો પુરાવો ધ્યાને લેતાં, ભોગ બનનારને કોઇ મેડીકલ ખર્ચ થયેલ હોય કે તેઓને કોઇ શારીરિક કે માનસીક આધાત થયેલ હોય અને તેઓને કોઇ પુનર્વસનની જરૂરિયાત હોઇ તેવું પુરવાર થયેલ ન હોય, હાલના કેસમાં ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ હેઠળ કોઇ પણ વળતરનો આદેશ કરવામાં આવતો નથી.

(૩) આથી આ કામના આરોપીના જામીન તથા જામીન ખત રદ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ નામ. વડી અદાલત સમક્ષ જો ભવિષ્યમાં અપીલ થાય તો તે દરમ્યાન હાજર રહેવા માટેના રૂ.૧૦,૦૦૦/– (અંકે દશ હજાર પુરા) ના નવા જામીન તથા જાત મુચરકા આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ ગુનાના કામે કબજે કરવામાં આવેલ બિન કિંમતી મુદામાલનો અપીલ સમય પુરો થયેથી ક્રિમિનલ મેન્યુઅલની જોગવાઈ અનુસાર નિકાલ કરવો અને જો અપિલ થાય તો નામ. અપીલ અદાલતના હુકમ મુજબ વર્તવું.

આ ચુકાદો આજરોજ તારીખઃ.૨૨મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા.૨૨.૦૬.૨૦૨૬**
સ્થળ: દાહોદ

**( હેમુ પ્રિતેશ પટેલ)**
સ્પેશ્યલ જજ(પોકસો) અને
ચોથા એડીશ્નલ સેશન્સ જજ
દાહોદ–GJ00992